# ગુજરાત સાયન્સ સિટી ખાતે સમર સાયન્સ પ્રોગ્રામનું સફળ સમાપન



અમદાવાદ, ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ હેઠળ કાર્યરત ગુજરાત સાયન્સ સિટી દ્વારા ઉનાળુ વેકેશનને લઈને વિદ્યાર્થીઓ માટે ખાસ સમર સાયન્સ પ્રોગ્રામ ૨૦૨૪નું આયોજન કરવામાં આવ્યું હતું. જેનું ૩૧ મે અને શુક્રવારે સફળ સમાપન થયું. સમર સાયન્સ પ્રોગ્રામ ૨૦૨૪ અંતર્ગત મોડેલ રોકેટ્રી, મોબાઈલ એપ ડેવલપમેન્ટ, ૩-ડ્ઢ મોડેલિંગ એન્ડ પ્રિન્ટિંગ, મેથ્સ થ્રૂ ઓરિગામી, ફન ફિઝિક્સ,વન્ડર ઓફ કેમેસ્ટ્રી, ઈલેક્ટ્રોનિક્સ સર્કિટ મેકિંગઃ PCB ડિઝાઈન, ઈન્ટરનેટ ઓફ થિંગ્સ-ટેકનોલોજી ઓન હોમ ઓટોમેશન, ટેલિસ્કોપ મેકિંગ તથા ડ્રોન એન્ડ એરોડાયનેમિક્સ જેવા વર્કશોપ્સનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો. વર્કશોપ માટે ભારતભરમાંથી જુદા જુદા નિષ્ણાતો અને શિક્ષકોને ગુજરાત સાયન્સ સિટી ખાતે બોલાવવામાં આવ્યા હતા. જેમણે વિદ્યાર્થીઓને ગમ્મત સાથે STEM ( સાયન્સ, ટેક્નોલોજી, એન્જિનિયરિંગ અને મેથ્સ) વિષયક શિક્ષણ આપ્યું હતું. વર્કશોપ્સમાં સહભાગી વિદ્યાર્થીઓએ થીયરી ઉપરાંત વિવિધ વસ્તુઓ સાથે પ્રયોગો પણ કર્યા હતા. મોડેલ રોકેટ્રી વર્કશોપમાં વિદ્યાર્થીઓને રોકેટ કઈ રીતે બનાવવામાં આવે છે તે શીખવાડીને ન્યૂટનના તથા બર્નોલીના સિદ્ધાંતો સમજાવવામાં આવ્યા હતા. મોબાઈલ એપ ડેવલપમેન્ટ વર્કશોપમાં વિદ્યાર્થીઓને જુદા જુદા પ્રકારની મોબાઈલ એપ્લિકેશન્સ કઈ રીતે બનાવવી અને તેમાં કઈ કઈ બાબતો ધ્યાને રાખવી તે સમજાવવામાં આવ્યું હતું. 3-D મોડેલિંગ એન્ડ પ્રિન્ટિંગ વર્કશોપમાં 3-D પેનનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓએ જાતે ચશ્મા, સાયકલ, વગેરે જેવી વિવિધ પ્રકારની 3-D વસ્તુઓ બનાવી હતી. –

# ફ્લેર બેવરેજિસે અમદાવાદમાં ડેરઓન એનર્જી ડ્રિંક લોંચ કર્યું




અમદાવાદઃ અમદાવાદ-સ્થિત સ્ટાર્ટઅપ ફ્લેર બેવરેજિસે એનર્જી ડ્રિંક માર્કેટમાં ગ્રાહકો માટે તાજગી અને સ્ફૂર્તિદાયક વિકલ્પ રજૂ કરતાં ડેરઓન એનર્જી ડ્રિંક લોંચ કર્યાની જાહેરાત કરી છે. ડેરઓન એનર્જી ડ્રિંક કેફીન, શુગર, વિટામીન બી, એમિનો એસિડ ડેરિવેટિવ્ઝનું ઉત્તમ મિશ્રણ છે, જે વ્યક્તિની ઊર્જાના સ્તર અને માનસિક પ્રદર્શનમાં સુધારો કરવા માટે તૈયાર કરાયું છે. આ એનર્જી ડ્રિંક એથલિટ્સ, સ્પોર્ટ્સમાં રૂચિ ધરાવતા તથા તાત્કાલિક એનર્જી બુસ્ટની જરૂરિયાત ધરાવતા વ્યક્તિઓ માટે એકદમ આદર્શ છે. આ લોંચ અંગે પ્રતિક્રિયા આપતાં ફ્લેર બેવરેજિસના સહ-સ્થાપક નીલ પટેલે જણાવ્યું હતું કે, અમે અમદાવાદમાં ડેરઓન એનર્જી ડ્રિંકની રજૂઆત કરતાં ઉત્સાહિત છીએ. અમારા ડ્રિંક વિવિધ જીવનશૈલી ધરાવતા ગ્રાહકોને પાવરફૂલ અને રિફ્રેશિંગ એનર્જી પૂરી પાડવા તૈયાર કરાયા છે. તમે એથલિટ હોવ કે પછી વિદ્યાર્થી અથવા બીજા કોઈપણ વ્યક્તિને ડેરઓન એનર્જી ડ્રિંક ઊર્જાથી ભરપૂર રાખશે. ફ્લેર બેવરેજિસના સહ-સ્થાપક કેવીન પટેલે જણાવ્યું હતું કે, ડેરઓન સાથે અમે એવું એનર્જી ડ્રિંક તૈયાર કર્યું છે કે જે વ્યક્તિના ઊર્જાના સ્તરમાં વધારો કરવાની સાથે-સાથે ઉત્તમ ટેસ્ટ પણ પ્રદાન કરે છે. અમારા ત્રણ વિશેષ ફ્લેવર્સ - ક્લાસિક, એક્ઝોટિક અને લીચી લાઈમ ઉત્તમ ટેસ્ટ અને પસંદગીની વિશાળ શ્રેણી પ્રદાન કરે છે. અમને વિશ્વાસ છે કે ડેરઓન અમદાવાદના ગ્રાહકો વચ્ચે ઝડપથી લોકપ્રિય બનશે તથા અમને એનર્જી ડ્રિંક સેગમેન્ટમાં મજબૂત ઉપસ્થિતિ હાંસલ કરવામાં મદદ મળી રહેશે. અમદાવાદમાં ડેરઓન એનર્જી ડ્રિંક ફ્લેર બેવરેજિસ માટે એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન છે. (૨૦-૪)

# ડેન્ગ્યૂના દર્દી માટે અકસીર "ડ્રેગન" ફળ



(જિતેન્દ્ર ભટ્ટ દ્વારા)

ડ્રેગન ફળ એ એક પ્રકારના કેકટસ થોરમાં આવે છે. સૂકા, રેતાળ અને પર્વતીય વિસ્તારમાંય થાય, શરત એ કે જમીનમાં પાણી ભરાઈ રહેવું ના જોઈએ - આ છોડ બીજા વર્ષથી ફળ આપવાનું શરૂ કરી દે છે. ફળ તોડી લીધા પછી થોરનો એ ટુકડો કાપી નવા રોપા તરીકે બીજે વાવી શકાય છે. એક છોડ પંદરથી વીસ વર્ષ ફળ આપ્યાં કરે છે. ખૂબજ ઓછી મહેનત અને સાચવણી ન માગતું આ ફળ આર્થિક રીતે કમાણી અપાવનારું છે.

ડ્રેગન ને વાડીમાં હારબંધ પોલ કે સ્તંભ ઊભા કરી, સિમેન્ટના થાંભલા વધુ મજબૂતિ માટે લોખંડના સળીયા ગોઠવી શકાય છે. એક થાંભલાની ચારે બાજુ ચાર રોપા વાવી શકાય. થાંભલા ઉપર એક ટીંગ જેવું પૈડું ગોઠવી છોડ મોટો થતાં પૈડામાંથી ગળકી બહાર ઢળી પડે છે. છેવાડા પર પ્રથમ ફુલ આવે છે અને પછી તેમાંથી ફળ નીકળે છે.

નિષ્ણાતના જણાવ્યાં અનુસાર થાઈલેન્ડ, મલેશિયામાં સફેદ ડ્રેગન ફળ થાય છે, ગુલાબી છાલવાળા લાલ ફળ સ્વાદિષ્ટ અને ગુણીયલ છે. વિયેતનામાં આ ફળ પ્રખ્યાત છે. ભારતમાં કચ્છ અને અન્ય રેતાળ પ્રદેશમાં બીજા વર્ષે જ ફળ આવવા લાગે છે. આ છોડ યુનિસેક્સ (નર કે માદા જાતિ વિનાનું) હોવાથી પરાગરજની હેરફેરની જરૂર પડતી નથી. (પોલિનેશન)

ડ્રેગન ફળ એકર દીઠ પાંચથી સાત લાખ રૂપિયા કપાવી આપવાની ક્ષમતા છે. બાંગ્લાદેશ જેવા દેશના ખેડૂતો આ ફળ થકી સમૃધ્ધ થયા છે.

નાગાલેન્ડના દીમાપુર શહેરના એક નિષ્ણાતના જણાવ્યાં અનુસાર ડ્રેગન ફળની સ્થાનિક સ્તરે એટલી વધી માંગ છેકે તેને તોડતા જ ખપી જાય છે. આ ફળની સીઝન માત્ર ત્રણ મહિના હોવાથી ઓફ સીઝન સુધી એને ડિહાઈડ્રેડ કરીને (સૂકવણી) સાચવવાથી અંજીરની જેમ સૂકા મેવાની જેમ ઉપયોગમાં લઈ શકાય છે.

વિદેશમાં ડ્રેગન ફળના પલ્પ, જામ, જ્યુસ, સિરપ, આઈસક્રીમની પણ મોટી માર્કેટ છે. પરદેશમાં ડ્રેગન ફળમાંથી બ્રેકફાસ્ટ બાર પણ બને છે.

**ફળના વિશેષ મુદા**

બિયારણમાંથી આ છોડમાં ફળ મોડા આવે છે તેથી કલમ (કટીંગ) જલ્દીથી ફળાઉ છે. ફુલ આવ્યાં પછી ફળ આવતાં એક મહિનો લાગે છે. ફુલનો જીવનકાળ માત્ર એક રાત્રિનોજ છે. ફળનો નીચલો હિસ્સો લીલો હોય ત્યારે જ તેને તોડી લેવું જોઈએ. તોડ્યાં પછી આઠથી દસ દિવસ તે તાજુ રહે છે.

**આરોગ્ય અને આવક આ ફળ આપે છે**

મરી જેવા નાના દાણા ધરાવતું આ ફળ રસાળ અને ગળ્યું છે. તેનામાં રોગ પ્રતિકારક શક્તિ વધારનારું છે. શ્વેતકણ, હિમોગ્લોબિન વધારવા માટેનો રામબાણ ઈલાજ છે.

ગુજરાતમાં ખેતર કે વાડીના રક્ષણ માટે થોરીયાની વાડ બનાવવામાં આવે છે. જેમાં હાથલિયા થોરમાં લાલ ડીંડવા એટલે કે લાલચટક ફળ બેસે છે. થોર-ફળમાં એટલી બધી લાલ (જીણા કાંટા) હોય



છે કે તેને તોડવું ખૂબજ કઠીન છે. પણ તોડ્યાં પછી તેની છાલ કાઢી તેનો માવો ખાવો અનેરો છે. જે ખૂબજ પોસ્ટીક અને લોહી શુદ્ધ કરનારું ફળ છે. પણ ગુજરાતમાં રમતા કૂદતા તોફાની છોકરાઓ લાલ ફળ ખાઈને મજા માણે છે. બાકી તેના તરફ કોઈનું ધ્યાન જતું નથી. થોર ઉપર ઊગતા ફળ (ફીંડલો) હિમોગ્લોબીનનો ખજાનો પુરવાર થયો છે.

જામનગરના જામજોધપુર ભાણવડ પંથકમાં તથા રાજકોટ પડધરી જસદણની બે ત્રણ મહિલાઓએ તેમાંથી સરબત ભેગુ કરી પુરક રોજી મેળવવાનો પ્રયત્ન કર્યો છે.

**સૌરાષ્ટ્રમાં ડ્રેગન ફળ**

વિસ્તારવાદી ચીનના ફળનો ઘર આંગણે વિસ્તાર વધી રહ્યો છે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં રોકડિયો પાક પુરવાર થયો છે. મૂળ તો રણપ્રદેશનો એટલે કે ઓછા પાણીમાં ઊગે છે.

સૌરાષ્ટ્રમાં પડધરી, કેશોદ, મેંદરડા, રાજકોટ નજીક માધાપર, કાલાવડ સહિતના ગામોમાં તથા કચ્છમાં રાપરમાં ડ્રેગનનું વાવેતર જોવા મળે છે. કેટલાક લોકો આ ફળને "પિતાયા"થી પણ ઓળખે છે.

ડ્રેગન ફ્રુટનું વાવેતર કરનાર ખેડૂતના જણાવ્યા અનુસાર જૂનથી પાક આવવાની શરૂઆત થાય છે. પાંચ મહિના લગાતાર ડ્રેગન ફળ આવે છે. લાલ અને સફેદ ડ્રેગન થાય છે. શરૂમાં એક વર્ષ મહેનતથી પંદર વર્ષ સુધી કમાણી કરાવનારું છે. વાવેતરમાં કોઈ રોગ આવતો નથી. ભાવ સારા આવતાં હોવાથી ડ્રેગની ખેતી તરફ ખેડૂત વળ્યો છે.

bhattjioffice@gmail.com
(mo. 94263 57715)

# ગરમ હવાએ કર્યા વિભૂતિના હાલબેહાલ!



અમદાવાદ, એન્ડટીવી પર કોમેડી શો ભાભીજી ઘર પર હૈ તેની આગામી વાર્તામાં હાસ્યની ખૂબીને નવી ઊંચાઈએ લઈ જશે, જે દર્શકોને પેટ પકડાવીને હસાવશે. વાર્તા વિભૂતિ નારાયણ મિશ્રા (આસીફ શેખ) આસપાસ વીંટળાયેલી છે, જે તીવ્ર હીટ સ્ટ્રોકથી પીડાય છે, જેને લઈ મોડર્ન કોલોનીમાં શ્રેણીબદ્ધ હાસ્યસભર ઘટનાઓ સર્જાય છે. આ વાર્તા વિશે બોલતાં વિભૂતિ નારાયણ મિશ્રાની ભૂમિકા ભજવતો આસીફ શેખ કહે છે, "એપિસોડમાં એક ન્યૂઝ રિપોર્ટર દર્શકોને સુરક્ષિત રહેવાની સલાહ આપતાં આપતાં સઘન ગરમીથી પોતે જ ઢળી પડે છે. કાળઝાળ ગરમી વચ્ચે અનિતા (વિદિશા શ્રીવાસ્તવ)ને તેની રોકાણકાર મહેતાને ફાઈલ આપવાની તાકીદે જરૂર હોય છે. તે તિવારી (મનમોહન તિવારી)ને વિશ્વાસ સાથે આ કામ સોંપે છે, જે કાળઝાળ ગરમી છતાં ફાઈલ પહોંચાડશે એમ કહે છે. તિવારી થાકી જાય છે અને કામ પૂર્ણ કરે છે ત્યારે અનિતાને ભાન થાય છે કે તેણે ખોટી ફાઈલ આપી દીધી છે અને તેને ફરીથી મોકલે છે. દરમિયાન અમ્માજી (સોમા રાઠોડ) અંગૂરી (શુભાંગી અત્રે)ને સૂચના આપે છે કે પંડિત રામફલ (સૌરભ કૌશિક) દ્વારા સૂચવ્યા અનુસાર ઉપાય તરીકે ટેકરી પર મંદિરમાં પોટલું મોકલે. વિભૂતિ આ કામ પોતાને માથે લે છે અને તે ભિખારી દ્વારા ચેતવણી છતાં કાળઝાળ ગરમીમાં આગળ નીકળી પડે છે. આ પછી એક ડોકટર મંદિરમાંથી બેભાન વિભૂતિને ઘેર લાવે છે, જેને લઈ અનિતા તેને ઠપકો આપે છે. વિભૂતિ ગુસ્સે થાય છે. તે રાત્રે અનિતા માફી માગીને વિભૂતિને રીઝવવા પ્રયાસ કરે છે, પરંતુ તે વધુ ગુસ્સે થાય છે." અનિતાભાભીની ભૂમિકા ભજવતી વિદિશા શ્રીવાસ્તવ કહે છે, "તે પછીના દિવસે ગુસ્સો વધને પ્રેમ (વિશ્વનનાથ સોની) અને તિવારીને મારે છે. (૨૦-૪)

# ભારત ગૌરવ-રાષ્ટ્રસંત પરમ પૂજ્ય આચાર્ય શ્રી પુલકસાગરજી મહારાજનો અમદાવાદમાં "જ્ઞાન ગંગા મહોત્સવ"




અમદાવાદ, દિગંબર જૈન સમાજ અમદાવાદ દ્વારા શહેરના મીઠાખળીમાં આવેલા સરદાર પટેલ સેવા સમાજ ખાતે અમદાવાદમાં પહેલીવાર સર્વપ્રથમવાર પધારી રહેલા આચાર્ય શ્રી પુલકસાગરજી મહારાજના દિવ્ય પ્રવચનના "જ્ઞાન ગંગા મહોત્સવ"નું આયોજન તા. ૨ જૂન થી ૯ જૂન દરમિયાન સવારે ૮:૩૦ થી ૧૦:૩૦ કલાક દરમિયાન કરવામાં આવ્યું છે. શહેરમાં વસતા દરેક સમાજના લોકો ગુરૂજીના દિવ્યજ્ઞાનની અમૃતવાણીનો લાભ લઈ શકશે. દિગંબર જૈન સમાજના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી ચંદુભાઈ કાલાએ આ અંગે જણાવ્યુ હતું કે ૯૦,૦૦૦ કિલોમીટર પગપાળા વિહાર કરીને પહેલીવાર અમદાવાદમાં પધારી રહેલા આચાર્ય શ્રી પુલકસાગરજી મહારાજના પાવન પગલાંથી અમદાવાદના સમાજ માટે ખુબજ વિશેષ અને પુન્યાજર્નનો અવસર આવ્યો છે. ભારતની વિભિન્ન સામાજીક સંસ્થાઓ દ્વારા આચાર્યશ્રીને "ભારત ગૌરવ" અને "રાષ્ટ્ર સંત" જેવી વિશિષ્ટ ઉપાધિથી સન્માનિત કરવામાં આવ્યા છે. દિગંબર જૈન સમાજના પરમ સંરક્ષક સૌભાગ્યમલ કટારિયાએ જણાવ્યુ હતું કે,આવા મહાન સંતના અમદાવાદની ધરા ઉપરના આગમનથી જનજનમાં ઉત્સાહ અને આનંદની લાગણી છે. સમગ્ર ભારતમાં આચાર્ય શ્રી પુલકસાગરજી મહારાજના વિશિષ્ઠ પ્રવચન શ્રૃંખલા અને દિવ્યજ્ઞાનની સરવાણી "જ્ઞાન ગંગા મહોત્સવ"ના નામે વિખ્યાત છે. જેમાં આચાર્યશ્રી પારિવારિક, સામાજીક, અને ધાર્મિક, વિષયોનો સમાવેશ કરીને લોકોના જીવનને સાથર્ક બનાવે છે.(૨૨-૧)

# વડોદરામાં ખંડેરાવ માર્કેટ વિસ્તારને કેટલાક માથાભારે તત્વોએ માથે લીધો

વડોદરા, વડોદરા શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ દિવસેને દિવસે કથળી રહી છે. એક તરફ હત્યા જેવા ગંભીર ગુન્હાઓ વડોદરા શહેરમાં નોંધાઇ રહયા છે ત્યારે હવે અસામાજિક તત્વો તાજેતરમાં મધ્યરાત્રીએ ખૂની ખેલ કરવા તીક્ષ્ણ હથિયારો સાથે શહેરના રાજમાર્ગો પર ખુલ્લેઆમ ફરી રહ્યા છે. જયારે ૨૪ કલાક ધમધમતા વિસ્તારમાં પણ સેમ નાગરિકો રાત્રીના સમયે સુરક્ષિત નથી તેનો એક જીવતું ઉદાહરણ ગત રાત્રીના સમયે જોવા મળ્યું હતું. શહેરના ખંડેરાવ માર્કેટ ચાર રસ્તા પર મધ્યરાત્રિથી જ બહારથી વેપારીઓ ફળ અને શાકભાજી લઈને આવતા હોય છે. આ વિસ્તારમાં રાત્રીના સમયે સતત ચહેલપહેલ રહે છે. પણ અહીંના લોકો અસામાજીક તત્વોના દહેશત હેઠળ વેપાર કરવા મજબૂર બન્યા છે. તાજેતરમાં રિક્ષામાં આવેલા નશામાં ધૂત કેટલાક અસામાજીક તત્વોએ વિસ્તાર માથે લીધો હતો. હાથમાં ચાકુ અને શરાબની બોટલ સાથે જાહેરમાં મારામારીના દ્રશ્યો સર્જાયા હતા. નશામાં છાંટકા બનેલા અસામાજીક તત્વોને સમાજવવા માટે સ્થાનિક રાહદારીઓએ પણ હાથ જોડવા પડયા હતા. આ દરમિયાન મુખ્ય રસ્તા પર હુમલાની ઘટના મામલે સ્થાનિકોએ પોલીસને જાણ કરતા પોલીસ સ્થળ પર દોડી આવી હતી. પોલીસને જોઈને અસામાજીક તત્વો શાંત થઈ ગયા હતા. હાલ તો પોલીસે તોફાની તત્વોની અટકાયત કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. શહેરના ખંડેરાવ માર્કેટ ચાર રસ્તા પર મધ્યરાત્રિથી જ બહારથી વેપારીઓ ફળ અને શાકભાજી લઈને આવતા હોય છે. આ વિસ્તારમાં રાત્રીના સમયે સતત ચહેલપહેલ રહે છે. પણ અહીંના લોકો અસામાજીક તત્વોના દહેશત હેઠળ વેપાર કરવા મજબૂર બન્યા છે. તાજેતરમાં રિક્ષામાં આવેલા નશામાં ધૂત કેટલાક અસામાજીક તત્વોએ વિસ્તાર માથે લીધો હતો. હાથમાં ચાકુ અને શરાબની બોટલ સાથે જાહેરમાં મારામારીના દ્રશ્યો સર્જાયા હતા.

# સુરતની શાળાઓના ટેરેસ પર ડોમનું જોખમ યથાવત્

સુરત, સુરત શહેરમાં તક્ષશિલા હોનારત બાદ ફાયર સેફટી માટે શરૂ કરેલા અભિયાનની આજે ક્યાંય કોઈ અસર નથી વર્તાઈ રહી. રાજકોટની ઘટના બાદ વધુ એક વખત ફાયર વિભાગ દ્વારા ફાયર સેફટી અને એનઓસી મુદ્દે અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. જો કે, વાડ જ ચીભડાં ગળે તેવી સ્થિતિ આજે પણ જોવા મળી રહી છે. ફાયર વિભાગ સહિતના સરકારી વિભાગોની લાપરવાહી અને મિલીભગતને કારણે આજે પણ હજારો નાગરિકોના જીવ જોખમમાં હોય તેવા દ્રશ્યો જોવા મળી રહ્યા છે. ખાસ કરીને શાળા અને હોસ્પિટલોમાં ફાયર સેફટી સહિતની સુવિધાઓ મુદ્દે લાપરવાહી દાખવતાં સંચાલકો વિરૂદ્ધ સખ્ત કાર્યવાહી કરવાને બદલે નોટિસો પાઠવવાનો ખેલ ચાલી રહ્યો હોય તેવું ફલિત થઈ રહ્યું છે. એક તબક્કે શાળાઓ પર ગેરકાયદેસર પતરાંના શેડ ઉભા કરવાના મુદ્દે શરૂ કરવામાં આવેલું અભિયાન હવે ઠંડુ થઈ ચુક્યું છે અને શહેરમાં ઠેર-ઠેર શાળાઓમાં ટેરેસ પર ડોમ ઉભા થયેલા નજરે પડી રહ્યા છે. ત્યારે આ સ્થિતિમાં ફાયર વિભાગ દ્વારા હવે આવી સંસ્થાઓ વિરૂદ્ધ કાર્યવાહી કરવામાં આવે તેવી ચર્ચાએ જોર પકડ્યું છે.

ICICI Home Finance

કોર્પોરેટ ઓફિસ : આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સ કંપની લીમીટેડ, આઈસીઆઈસીઆઈ એચએફસી ટૉવર, અંધેરી- કુર્લા રોડ, અંધેરી (ઈસ્ટ), મુંબઈ- ૪૦૦૦૫૯, ભારત

બ્રાન્ચ ઓફિસ ૩જો માળ, ઓફિસ નં. ૩૨૩, સિટી સેન્ટર( લાભ- II) એમ.પી. શાહ આર્ટ્સ એન્ડ સાઈસ કૉલેજ સામે , સુરેન્દ્રનગર - ૩૬૩૦૦૧

બ્રાન્ચ ઓફિસઃ ૪થો માળ, ૪૧૦, માઈલસ્ટોન વાઈબ્રંટ, એપ્પલ હોસ્પિટલ સામે, ઉધના દરવાજા, સુરત- ૩૯૫૦૦૨.

બ્રાન્ચ ઓફિસ : યુનિટ નં. ૦૩, ૧લો માળ, શાંતિ કોમ્પ્લેક્ષ, પ્લોટ નં. પી-૫૦/૧, જી.આઈ.ડી.સી., ૨૧સ્ટ સેન્ચુરી હોસ્પિટલ પાછળ, વાપી- ૩૯૬૧૯૫

બ્રાન્ચ ઓફિસ : ૧લો માળ, યુનિટ નં. ૩૧૭, ઓરિયન આર્કેડ કોમ્પ્લેક્ષ, આઈનોક્સ મલ્ટીપ્લેક્ષ પાસે, ઝડેશ્વર, ભરૂચ- ૩૯૨૦૦૧.

( જુઓ નિયમ ૮(૬)ની જોગવાઈઓ

**સ્થાવર મિલકતની વેચાણ નોટીસ**

**સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના રૂલ ૮(૬) સાથે વંચાતા સિક્યોરિટાઈઝએશન અને રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ સ્થાવર મિલકતોના વેચાણ માટે ઈ- હરાજી વેચાણ નોટીસ**

આથી ખાસ કરીને કરજદાર/રો અને જમીનદાર/રો અને જાહેર જનતા ને નોટિસ આપવામાં આવે છે કે નીચે જણાવેલ સ્થાવર મિલકતો આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સ કંપની લી.ના અધિકૃત અધિકારીને ગીરો/ચાર્જડ કરાયેલ છે જેનો **ભૌતિક કબ્જો** સિક્યોર્ડ ક્રેડિએટરએ લઈ લીધો છે, "જેનું જ્યાં છે", "જે છે" અને "જેમ છે"ના ધોરણે નીચે કોષ્ટકમાં દર્શાવેલ સંક્ષિપ્ત વિગત મુજબ, આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સ કંપની લીની બાકી રકમની વસુલાત માટે ઈ- હરાજી દ્વારા વેચાણ કરવામાં આવશે.

| ક્રમ નં. | કરજદાર, સહકરજદારો /જામીનદારો ના લીગલ હાયર્સ લોન એકાઉન્ટ નંબર અને નામ/ | કઈ પણ જાણમાં હોય સાથ આરક્ષિત મિલકતની વિગત | બકાયા રકમ | આરક્ષિત કિંમત / અર્નેસ્ટ મની ડિપોઝિટ | મિલકતના નિરીક્ષણ ની તારીખ અને સમય | હરાજીની તારીખ અને સમય |
|---|---|---|---|---|---|---|
| (એ) | (બી) | (સી) | (ડી) | (ઈ) | (એફ) | (જી) |
| ૧. | ભાલાણી મેહુલકુમાર દિનેશકુમાર ( કરજદાર), ભાલાણી હિનાબેન મેહુલકુમાર ( સહ- કરજદાર), લોન એકાઉન્ટ નં. LHSNR00001323169 | ૧૦ બી અવધપુરી સોસ. નં. ૧ રેલવે સ્ટેશન રોડ લિમ્બડી સી એસ વાર્ડ નં. ૨ સી એસ નં. ૧૬૯, પૈકી સબ પ્લોટ નં. ૧૦બી લિમ્બડી ગુજરાત- ૩૬૩૪૨૧. | રૂા. ૨૨,૧૮,૪૧૮/- ૨૨ મે, ૨૦૨૪ | રૂા. ૨૯,૮૪,૬૨૫/- / રૂા. ૨,૯૮,૪૭૦/- | ૦૧ જુલાઈ, ૨૦૨૪ સવારે ૧૧.૦૦ વાગ્યા થી બપોરે ૦૩.૦૦ કલાક | ૧૦ જુલાઈ, ૨૦૨૪ બપોરે ૦૨.૦૦ થી બપોરે ૦૩.૦૦ કલાક સુધી |
| ૨. | નિકુમ વિજય પ્રભાકરભાઈ ( કરજદાર) રમાબાઈ પ્રભાકર નિકમ ( સહ કરજદાર) લોન એકાઉન્ટ નં. LHSUR00001405477 | મહાદેવ પૈલેસ વિભાગ બી પારેખ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ વિભાગ ૩એ હળધરૂ ટાંટીથૈયા કેનાલ રોડ ટાંટીથૈયા ૨૧૯ સુરત, ગુજરાત- ૩૯૫૦૦૯. | રૂા. ૯,૮૧,૦૯૮/- ૨૨ મે, ૨૦૨૪ | રૂા. ૬,૨૪,૬૦૦/- / રૂા. ૬૨,૪૬૦/- | ૦૧ જુલાઈ, ૨૦૨૪ સવારે ૧૧.૦૦ વાગ્યા થી બપોરે ૦૩.૦૦ કલાક | ૧૦ જુલાઈ, ૨૦૨૪ બપોરે ૦૨.૦૦ થી બપોરના ૦૩.૦૦ કલાક સુધી |
| ૩. | અંજની કુમાર ( કરજદાર) કુમારી સ્નેહલતા ( સહ- કરજદાર) લોન એકાઉન્ટ નં. LHVPI00001363201 | બી બિલ્ડિંગ અંશ રેસીડેન્સી જલારામ નગર છિરી વાપી, વાપી ૨૧૬- વાપી ગુજરાત- ૩૯૬૧૯૧. | રૂા. ૧૨,૬૦,૮૬૮/- ૨૨ મે, ૨૦૨૪ | રૂા. ૧૦,૨૬,૦૦૦/- / રૂા. ૧,૦૨,૬૦૦/- | ૦૧ જુલાઈ, ૨૦૨૪ સવારે ૧૧.૦૦ થી બપોરે ૦૩.૦૦ કલાકે | ૧૦ જુલાઈ, ૨૦૨૪ બપોરે ૦૨.૦૦ થી બપોરે૦૩.૦૦ કલાક સુધી |
| ૪. | સલમાન ખાન(કરજદાર) કમરૂલ બેગમ ( સહકરજદાર) લોન એકાઉન્ટ નં. LHGDM00001484930 & LHGDM00001484932 | આશાપુરા નગર એટ્ નાના કપાયા તા. મુન્દ્રા પ્લોટ નં. ૧૪ થી ૧૯ ૩૭૦૪૦૫ સર્વે નં. ૧૯૩/૧ અને ૧૯૩ ૩- મુન્દ્રા, ગુજરાત- ૩૭૦૪૦૫. | રૂા. ૧૭,૫૧,૫૦૩/- ૨૨ મે, ૨૦૨૪ | રૂા. ૧૩,૪૧,૧૦૦/- / રૂા. ૧,૩૪,૧૧૦/- | ૦૧ જુલાઈ, ૨૦૨૪ સવારે ૧૧.૦૦ થી બપોરે ૦૩.૦૦ કલાકે | ૧૦ જુલાઈ, ૨૦૨૪ બપોરે ૦૨.૦૦ થી બપોરે૦૩.૦૦ કલાક સુધી |
| ૫. | રવિ કુમાર પરમાર( કરજદાર) રીતુ રવિકુમાર પરમાર( સહકરજદાર) લોન એકાઉન્ટ નં. LHSUR00001422425 | મહાદેવ વિલા ભારત પેટ્રોલિયમ પાસે, જોલવા પાટિયા સુરત સુરત ૧ સુરત ગુજરાત - ૩૯૫૦૦૯ | રૂા. ૬,૦૬,૨૩૩/- ૨૨ મે, ૨૦૨૪ | રૂા. ૬.૦૫,૭૦૦/- / રૂા. ૬૦,૫૭૦/- | ૦૧ જુલાઈ, ૨૦૨૪ સવારે ૧૧.૦૦ થી બપોરે ૦૩.૦૦ કલાકે | ૧૦ જુલાઈ, ૨૦૨૪ બપોરે ૦૨.૦૦ થી બપોરે૦૩.૦૦ કલાક સુધી |

આ ઓનલાઈન હરાજી વેબસાઇટ (URL Link - -https://BestAuction Deal.com.) પર અમારી ઑક્શન એજેન્સી ગ્લોબ ટેક દ્વારા હાથ ધરવામાં આવશે. ગિરો મુકનારને નોટીસ આપવામાં આવે છે કે છેલ્લી તક કુલ લેણાં ની પરત ચૂકવણી કુલ લેણાં સાથે આગળ વ્યાજ સુધી **૦૯ જુલાઈ, ૨૦૨૪ પહેલાં સાંજે ૫:૦૦ વાગ્યા** સુધી ચુકવી દેવી. બીજું આ સુરક્ષિત અસ્કયામતો ઉપર મુજબ ના કાર્યક્રમ મુજબ વેચી દેવામાં આવશે .

સંભવિત બિડર(ઓ) અર્નેસ્ટ મની ડિપોઝિટ (ઈએમડી) તે આરટીજીએસ, ડિમાંડ ડ્રાફ્ટ કોલમ ઈ માં આપેલ રકમ સબમિટ કરવું પડશે જે આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડ ખાતે, **૩જો માળ, ઓફિસ નં. ૩૨૩, સિટી સેન્ટર( લાભ- II) એમ.પી. શાહ આર્ટ્સ એન્ડ સાઈસ કૉલેજ સામે , સુરેન્દ્રનગર - ૩૬૩૦૦૧**અથવા **૦૯ જુલાઈ, ૨૦૨૪**ના રોજ સાંજે ૦૪:૦૦ વાગેં તે પહેલાં.

સંભવિત બિડર(ઓ) ઉપરોક્ત સમય મુજબ તેમની ઓફર સબમિટ કરવામાં અસમર્થ હોય તો તેની સહી કરેલી નકલ ટેન્ડર દસ્તાવેજો આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડ, **૩જો માળ, ઓફિસ નં. ૩૨૩, સિટી સેન્ટર( લાભ- II) એમ.પી. શાહ આર્ટ્સ એન્ડ સાઈસ કૉલેજ સામે , સુરેન્દ્રનગર - ૩૬૩૦૦૧**અથવા ૦૯ જુલાઈ, ૨૦૨૪ના રોજ સાંજે ૦૫:૦૦ તે પહેલાં. પર સબમિટ કરી શકાય છે. આઈસીઆઈસીઆઈ હોમ ફોયનાન્સ કંપની લીમીટેડ- ઑક્શન તરફેણનો **લિમ્બડી,સુરત, વાપી, મુન્દ્રા** ખાતે નેશનલ શિડ્યુલ્ડ બેંક ની અર્નેસ્ટ મની ડિપોઝિટનો ડિમાંડ ડ્રાફ્ટની સાથે આપવો.

કોઈપણ આગળ સ્પષ્ટતાઓ સાથે સાદર પ્રતિ નિરીક્ષણ શરતો અને શરતો ના આ હરાજી અથવા રજૂઆત ના ટેન્ડર ,માટે સંપર્ક **આઈસીઆઈસીઆઈ હોમ ફોયનાન્સ કંપની લીમીટેડનો નંબર ૯૯૨૦૮૦૭૩૦૦** અથવા અમારા સેલ્સ એન્ડ માર્કેટિંગ પાર્ટનર નેક્સઝએન સાલ્યુશન પ્રાઈવેટ લિમિટેડ પર સંપર્ક કરવો.

સત્તાવાર અધિકારીને બિડને કોઈ પણ વધુ કારણો આપ્યા વિના નકારી કાઢવાનો અધિકાર અનામત રાખે છે . માટે વિગતવાર શરતો અને શરતો ના આ વેચાણ, કૃપા કરીને વેબસાઇટ https://www.icicihfc.com/ ની મુલાકત લો.

**તારીખ:૦૨ જૂન, ૨૦૨૪**
**સ્થળ: લિમ્બડી, સુરત, વાપી, મુન્દ્રા**

**અધિકૃત અધિકારી**
**આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સ કંપની લીમીટેડ**

# મૈરિંગો સિમ્સ હોસ્પિટલ, અમદાવાદ, WHO થીમના અનુસંધાનમાં બાળકોને તમાકુથી બચાવવાની પહેલ કરે છે




અમદાવાદ, મૈરિંગો સિમ્સ હોસ્પિટલે ૩૧મી મે, ૨૦૨૪ના રોજ વિશ્વ તમાકુ નિષેધ દિવસના વિશ્વિક પહેલમાં તેની સક્રિય ભાગીદારી દર્શાવી. વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) દ્વારા નિયુક્ત થીમ, 'તમાકુ ઉદ્યોગના હસ્તક્ષેપથી બાળકોનું રક્ષણ' હોસ્પિટલ આ પહેલને ટેકો આપે છે. તમાકુથી થતા રોગો અને અટકાવી શકાય તેવા મૃત્યુ અને તમાકુના કારણે થતા રોગો અંગે જાગૃતિ ફેલાવે છે. WNTD ૨૦૨૪ ની થીમ હાનિકારક તમાકુ ઉત્પાદનો સાથે યુવાનોને લક્ષમાં લઈ ગેરમાર્ગે દોરવાના કરવાની હિમાયત કરવા પર કેન્દ્રિત છે. WHO ની વૈશ્વિક ઝુંબેશમાં જોડાઈને, મૈરિંગો સિમ્સ હોસ્પિટલે તમાકુ નિયંત્રણ ક્ષેત્રના જાણીતા કેન્સર સર્જનો અને નિષ્ણાતોને દર્શાવતા માહિતીસભર ટીવી ટોક શો સાથે આ દિવસની શરૂઆત કરી. આ ચર્ચાઓ ખાસ કરીને બાળકોમાં તમાકુના ઉપયોગ સાથે સંકળાયેલા વિવિધ સ્વાસ્થ્ય જોખમો પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જેમાં શ્વસન સ્વાસ્થ્ય, એકંદર જીવનની સુખાકારી પર તેની હાનિકારક અસરોનો સમાવેશ થાય છે. તમાકું છોડવાના કાર્યક્રમોના મહત્વ પર ભાર મુકવાનો પ્રયત્ન કરે છે અને વ્યક્તિ કેવી રીતે ધૂમ્રપાન અથવા તમાકુ ચાવવાનું છોડી શકે છે તેના પર માર્ગદર્શન આપ્યું. (૧૮-૨)

# યોકોગાવાએ ભારતીય ફ્લોમીટર ઉત્પાદક એડેપ્ટ ફ્લુઈડિન હસ્તગત કરી



અમદાવાદ, યોકોગાવા ઈલેક્ટ્રિક કોર્પોરેશ જાપાનની પેરેન્ટ કંપની યોકોગાવા ઈન્ડિયા લિમિટેડે ભારતની મેગ્નેટિક ફ્લોમીટરના સૌથી મોટા ઉત્પાદકોમાં એક એવા એડેપ્ટ ફ્લુઇડિન પ્રાઈવેટ લિમિટેડની હસ્તગત પ્રક્રિયા પૂર્ણ કરી છે. આ જાહેરાત સમયે વાઈસ પ્રેસિડેન્ટ-યોકોગાવા ઈલેક્ટ્રિક-જાપાન, દક્ષિણ એશિયાના રિજનલ ચીફ એક્ઝિક્યુટિવ અને યોકોગાવા ઈન્ડિયાના મેનેજિંગ ડિરેક્ટર સંજીવ નાથ અને એડેપ્ટ ફ્લુઇડિન પ્રાઈવેટ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર વિનાયક ગદ્રે હાજર રહ્યાં હતા. યોકોગાવા પાણી અને ગંદાપાણીનું શુદ્ધિકરણ કરતી કંપનીઓ, તેલ અને ગેસ જૂથો, રસાયણો અને પેટ્રોકેમિકલ્સના ગ્રાહકો, ખાતર, ફાર્માસ્યુટિકલ્સ, જીવ વિજ્ઞાન, ધાતુ અને ખાણકામ, અને ખાણીપીણી સહિતના ક્ષેત્રોની કામગીરીને સમર્થન આપે છે. યોકોગાવાએ વર્ષ ૧૯૮૭માં ભારતમાં સ્થાનિક પેટાકંપનીની સ્થાપના કરી હતી, અને ત્યારથી ઉર્જા ઉદ્યોગમાં છોડ માટે નિયંત્રણ પ્રણાલીઓ અને ફિલ્ડ સાધનોનું વિતરણ કરે છે. આ સાથે જ ભારતના રાષ્ટ્રીય જળવિજ્ઞાન પ્રોજેક્ટના ભાગરૂપે પાણી પુરવઠા અને ગંદાપાણીના નેટવર્ક માટે રિમોટ મોનિટરિંગ કરે છે. યોકોગાવા પાસે ભારતમાં સિસ્ટમ્સ એન્જિનિયરિંગ ટીમો અને એક ઈશ્ઢ કેન્દ્ર પણ છે. જે તેની વૈશ્વિક કામગીરીને સમર્થન આપે છે. (૧૯-૧)

Printed and Published by MAYUR C. BHATT on behalf of KALYANI PUBLIATION PVT. LTD. and Printed at : Dharti Printers C-3, Shankar Chember, Nr. Fadia Chamber, Asharam Road, Ahmedabad-Published From KALYANI PUBLIATION PVT. LTD. 201,202,208 Nandan complex, opp mithakhali rly crossing, mithakhali, ahmedabad. Editior : Mayur C. Bhatt